# ડીસા હાઈવે નજીકથી વહેલી સવારે ૨૫૮ ઘેટા-બકરાં ભરેલી ટ્રક ઝડપાઈ

ડીસા, તા. ૨૩

ડીસા હાઈવે નજીકથી એક ટ્રકમાંથી ખીચોખીચ હાલતમાં ભરેલાં ૨૫૮ પશુઓને કતલખાને લઈ જવાતાં બચાવાયા છે જેમાં સ્થાનિક સંગઠનના માણસો આજે વહેલી સવારે ચોક્કસ બાતમી આધારે વોચમાં ઉભા હતા. આ દરમ્યાન બાતમીવાળી ટ્રક આવતાં



તેને રોકવાનો ઈશારો કરતાં ચાલકે ટ્રક ભગાડી મુકતાં ફરીયાદી સહિતનાએ પીછો કરી ટ્રક ઝડપી પાડી હતી. જે બાદમાં તપાસ કરતાં અંદર ઘેટાં-બકરા ભરેલ હોવાનું ખુલતાં પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ઘટનાસ્થળે આવી ટ્રકને ડીસા પાંજરાપોળ ખસેડી તલાશી લેતાં અંદરથી ૨૫૮ ઘેટાં-બકરા મરણતોલ હાલતમાં હોવાનું ખુલ્યુ હતુ. જેથી ચાલકની પુછપરછ કરી કુલ ૭ લોકોના નામજોગ ગુનો રજીસ્ટર કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જીલ્લાના ડીસામાંથી વહેલી સવારે મરણતોલ હાલતમાં ઘેટા-બકરા ભરેલી ટ્રક ઝડપાતાં હડકંપ મચી ગયો છે. ડીસાના ભરતભાઈ વણઝારા મોરબી એકતા એજ સંગઠનમાં તાલુકા પ્રમુખ તરીકે કાર્યરત છે. આજે વહેલી સવારે ભરતભાઈ સહિતના માણસો ચોક્કસ બાતમી આધારે દીપક હોટલ પાસે ઉભા હતા. આ દરમ્યાન બાતમીવાળી ટ્રક આવતાં તેને રોકવાનો ઈશારો કરતાં ચાલકે ટ્રક ભગાડી મુકતાં પીછો કરી ડીસા રાજમંદિર પાસે રોકાવી તલાશી લીધી હતી. જેમાં તલાશી લેતાં અંદર ખીચોખીચ હાલતમાં ઘેટાં-બકરા ભરેલાં હોઈ ફરીયાદી સહિતના ચોંકી ઉઠ્યા હતા. સૂત્રોએ જણાવ્યું હતુ કે ફરીયાદીએ પોલીસને જાણ કરતાં ટ્રકનેડીસા પાંજરાપોળ કાંટ મુકામે ખસેડી તલાશી લીધી હતી. જેમાં ટ્રકમાંથી ઘેટા નંગ-૨૧૦, બકરા નંગ-૫૦ અને ૧ ઘેટુ અને ૧ બકરૂ મૃત હાલતમાં મળી આવ્યા હતા. જેથી પોલીસે કુલ ઘેટાં-બકરા નંગ-૨૫૮ જેની કિ. રૂ. ૧,૫૯,૭૦૦ તેમજ સાથે ટ્રકની કિ. રૂ. ૬,૦૦,૦૦૦ મળી કુલ કિ. રૂ. ૭,૫૯, ૭૦૦નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આસાથે ચાલકની પુછપરછ કરતાં અન્ય ૬ ઈસમોએ ઘેટાં-બકરા ભરાવ્યા હોવાનું કબૂલ્યુ હતુ. જેથી પોલીસે ૭ લોકોના નામજોગ આઈપીસી ૨૭૯ અને પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમની કલમ ૫, ૮, ૯, ૧૦, ૧૦, ૧૧(૧)(ડી), ૧૧(૧)(ઈ), ૧૧(૧)(જી), ૧૧(૧) (ક) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાટણમાં ખારીયાનો રીઢો બાઈક ચોર ઝડપાયો, ૩ ચોરીનો ભેદ ઉકેલાયો

પાટણ

પાટણ એલસીબીની ટીમે બાતમી આધારે ચોરીના ૩ બાઈકો સાથે કાંકરેજના ખારીયા ગામના ઈસમને ઝડપી લીધો છે. ટીમ મિલ્કત સંબંધી ગુનાઓ લગત પેટ્રોલિંગમાં હતી. આ દરમ્યાન ચોક્કસ બાતમી આધારે એક ઈસમને ઝડપી તેની યુક્તિ-પ્રયુક્તિથી પુછપરછ કરતાં ચોંકાવનારી વિગતો સામે આવી હતી. જેમાં ઈસમે પાટણ એ ડીવીઝન પોલીસ મથક વિસ્તારમાંથી ત્રણ બાઈકોની ચોરી કરી હોવાનું કબૂલ્યુ હતુ. જેથી એલસીબીએ તેને એ ડીવીઝન પોલીસને સોંપવા કવાયત કરી હતી.

રેન્જ આઈજી જે. આર. મોથાલીયા અને પાટણ એસપી અક્ષયરાજે જીલ્લામાં મિલ્કત સંબંધી ચોરીઓ અટકાવવા અને તેના આરોપીઓને પડકી પાડવા સુચના આપેલ. જે અનુસંધાને એલસીબીના ઇ. પીઆઈ એ. બી. ભટ્ટ સ્ટાફના અંબાલાલ, અમિતસિંહ, વિપુલભાઈ, અબ્દુલકયુમ અને જીતેન્દ્રકુમાર વગેરે શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. આ દરમ્યાન પાટણના અનાવાડા દરવાજા પાસેથી બાતમી આધારે એક ઈસમને ઝડપી પાડતાં ત્રણ બાઈક ચોરીના કેસનો ભેદ ઉકેલાયો હતો.

સૂત્રોએ જણાવ્યું હતુ કે, એલસીબીની પુછપરછમાં ૨૦ વર્ષીય આરોપી રબારી લક્ષમણ હીરાભાઈ ( રહે. ખારીયા તા. કાંકરેજ ) એ ત્રણ બાઈક ચોર્યા હોવાની કબૂલાત કરી હતી. જે બાદમાં ટીમે ત્રણેય બાઈક હોન્ડા સપ્લેન્ડર, સપ્લેન્ડર મોટર સાયકલ, હીરો હોન્ડા સીટી ડીલક્ષ કબ્જે કરી કિ.રૂ.૫૫,૦૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. આ તરફ આરોપી ઈસમને પાટણ એ ડીવીઝન પોલીસ મથકે વધુ તપાસ માટે સોંપવામાં આવ્યો હતો. જેથી બાઈક ચોરીના વધુ ભેદ ઉકેલાવાની પોલીસે શકયતા વ્યક્ત કરી હતી.

# આકરૂન્દ ગામમાં નિર્માણ થનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ

અરવલ્લી જિલ્લાના આકરૂન્દ ગામ ના પનોતા પુત્ર પત્રકાર પદ્મ શ્રી દેવેન્દ્રભાઈ પટેલ સાહેબ અને ગુજરાત રાજ્યના મંત્રી શ્રી રમણલાલ પાટકર સાહેબ દ્વારા આકરૂન્દ ગામમાં નિર્માણ થનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ આરોગ્ય કેન્દ્રના નિર્માણ થી આકરુન્દ ગામના લોકો તેમજ આસપાસના પેટા પરા ના લોકોને આરોગ્યની સેવાઓ નજીકમાં અને ઝડપી મળી રહેશે. જેને લઈ સમગ્ર ગામ તેમજ આસપાસ ના પેટાપરા વિસ્તાર માં આનંદ ની લાગણી જોવા મળી હતી.

પદ્મ શ્રી દેવેન્દ્ર પટેલ ગામના વિકાસના કામો અંગે મદદ માટે હંમેશા તત્પર હોય છે . તેમજ જ્યાં પણ જરૂરી હોય ત્યાં પોતાનું માર્ગદર્શન પણ આપે છે.તે માટે ગામ લોકો તેમનો આભાર માન્યો હતો.



મોડાસા નગરમાં શ્રી વેણીચંદ શામળદાસ શાહ પ્રાથમિક શાળાની શિક્ષિકા ભાવનાબેન ભાવસારે શેરી શિક્ષણ અંતર્ગત સર્વોદયનગરમાં આવેલા નિકેશભાઈ પરમારના નિવાસસ્થાને બાળકોને શિક્ષણ આપવાનું સ્તુત્ય કાર્ય કરેલ છે. હાલના કોરોના કાળમાં ઓનલાઈન શિક્ષણથી વંચિત બાળકોને ફિઝિકલી શિક્ષણ આપી એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડેલ છે, મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષીએ સરાહના કરી હતી.

# એક્ટિવા પરથી પડી જતા મહિલાનું મોત

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકામાં અપમૃત્યુની ત્રણ ઘટનામાં ત્રણ લોકોના મોત નિપજતા ભારે ચકચાર મચી છે. જીલ્લામાં સતત લટકતા મૃતદેહો અને અજાણ્યા મૃતદેહ મળી આવવાનો સીલસીલો યથાવત રહ્યો છે. ભિલોડાના ગ્રામ્ય વિસ્તારની વધુ એક ૨૦ વર્ષીય પરણીત યુવતીની ઘરમાંથી લટકતો મૃતદેહ મળતા અને જેસીંગપુર ગામની સીમમાં આવેલ કુવામાંથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળતા પોલીસ દોડતી થઈ છે. અન્ય એક અકસ્માતની ઘટનામાં યુવકની એક્ટિવા પાછળ બેઠેલ મહિલા એક્ટિવા પરથી રોડ પર પટકાતા મહિલાનું સારવાર દરમિયાન મોત નિપજતાં સમગ્ર પંથકમાં શોકની લાગણી છવાઈ હતી. ભિલોડા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસામાં ભારત વિકાસ પરિષદ શાખા દ્વારા બાલિકા સપ્તાહની ઉજવણી

ડીસા, તા. ૨૩

ભારત વિકાસ પરિષદ ડીસા મુખ્ય શાખા દ્વારા બાલિકા સપ્તાહની



ઉજવણી 'બેટી છે તો સૃષ્ટિ છે' થીમ ઉપર વિવિધ કાર્યક્રમો દ્વારા કરવામાં આવી. જેમાં ભારત વિકાસ પરિષદ ડીસા મુખ્ય શાખાનાં ઉદ્દેશો રજુ કર્યા બાદ સ્લમ વિસ્તારની ૧૦ થી ૧૮ વર્ષની બાલિકાઓમાં હિમોગ્લોબીન ટેસ્ટની ચકાસણી, તેમની ઊંચાઈની માપણી કરેલ તેઓને એનેમિયા મુક્ત કરવાના કાર્યક્રમ કરેલ તેમજ દીકરીઓના દાંતની તપાસ પણ કરવામાં આવી અને બાલિકાઓને ડેન્ટલ કીટ, સ્વેટર, ૧ કિલો ગોળ અને ૫૦૦ ગ્રામ ચણા તેમજ લોખંડની કડાઈનું વિતરણ પણ કરેલ અને સંસ્કારીક બેટીકા મહત્વ અને રાષ્ટ્રીય ઉત્થાનમા બેટી બચાવો બેટી પઢાઓ અને શિક્ષિત કન્યા વરદાન વિષય ઉપર ત્રણ મિનિટની વક્તૃત્વ સ્પર્ધા પણ કરેલ.

જેમાં પ્રમુખ રાજુભાઈ ત્રિવેદી, મંત્રી વ્રજેશભાઈ સોની, મહિલા સંયોજીકા શીલાબેન મહેશ્વરી, પરેશભાઈ જીવરાણી, મહેશભાઈ જોષી, તુષારભાઈ શાહ, પ્રવીણભાઈ પટેલ, કોર્પોરેટર, પુષ્પાબેન અગ્રવાલ, ભાવનાબેન રાજગોર, ભાવનાબેન જોશી, રેખાબેન ત્રિવેદી, ખુશ્બુબેન ઠક્કર, વગેરે હાજર રહ્યા હતા.

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત આકરૂન્દ જિલ્લા પંચાયતની બેઠક સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાઈ

અરવલ્લી જિલ્લા ભાજપા ધનસુરા તાલુકા સંગઠન દ્વારા આગામી સ્થાનિક સ્વરાજ્યની જિલ્લા પંચાયત તાલુકા પંચાયત



ની ચૂંટણી અંતર્ગત આકરૂન્દ જિલ્લાપંચાયત સીટ ની બેઠક સ્વામિનારાયણ મંદિર,આકરૂન્દ ખાતે જિલ્લા ના પ્રદેશ દ્વારા નિયુક્ત ચૂંટણી ઈન્ચાર્જ માનનીય પ્રભારી મંત્રી શ્રી રમણભાઈ પાટકર, બાલાસિનોર પૂર્વ ધારાસભ્ય શ્રી રાજેશભાઈ પાઠક અને જિલ્લા પ્રમુખ શ્રીરાજેન્દ્રભાઈ પટેલ ની ઉપસ્થિતિમાં યોજાઈ હતી.

આ પ્રસંગે અરવલ્લી જિલ્લા ચૂંટણી ઈન્ચાર્જ શ્રી કનુભાઈ પટેલ,આકરુન્દ ના સરપંચ લલીતાબેન પટેલ મહામંત્રી શ્રી એન.એલ.પટેલ, અને સ્થાનિક આગેવાનોની સહ ઉપસ્થિતિ માં બેઠક યોજાઈહતી.

ત્યારે આ બેઠક આગામી સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી જિતવા માટે ની તૈયારી ના ભાગ રૂપે આજ ની જિલ્લા પંચાયત સીટ સ્વામિનારાયણ મંદિર આકરૂન્દ ખાતે યોજાઈ હતી, આ બેઠક માં ઉપસ્થિત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત સીટ ઈન્ચાર્જ અને આગેવાન કાર્યકર્તા ને જિલ્લા ચૂંટણી ઈન્ચાર્જ શ્રી રમણભાઈ પાટકર, શ્રી રાજેશભાઈ પાઠક જિલ્લા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ પટેલ દ્વારા આગામી ચૂંટણી લક્ષી અને સરકારે કરેલ પ્રશંસનિય યોજનાઓ અને કામગીરી ની સરાહના કરી તે અંગે નું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકમાં સૌ ઉપસ્થીત આગેવાનો અને ગ્રામજનો નો આકરૂન્દ ઉપ સરપંચ શ્રી દિનેશભાઈ પટેલ દ્વારા આભાર માની બેઠક નું સમાપન કરવામાં આવ્યું.



મોડાસા નગરમાં શ્રી વેણીચંદ શામળદાસ શાહ પ્રાથમિક શાળાની શિક્ષિકા ભાવનાબેન ભાવસારે શેરી શિક્ષણ અંતર્ગત સર્વોદય નગર માં આવેલા નિકેશભાઈ પરમારના નિવાસસ્થાને બાળકોને શિક્ષણ આપવાનું સ્તુત્ય કાર્ય કરેલ છે હાલના કોરોના કાળમાં ઓનલાઈન શિક્ષણથી વંચિત બાળકોને ફિઝિકલી શિક્ષણ આપી એક ઉત્તમ ઉદાહરણ પૂરુ પાડેલ છે મંડળના પ્રમુખ નિલેશભાઈ જોષીએ સરાહના કરેલ





## પ્રાંતિજ ખાતે સુભાષ ચંદ્ર બોજની જન્મ જયંતિની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સુભાષ ચંદ્ર બોજની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી નગરપાલિકા કોર્પોરેટર તથા ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા કરવામાં આવી. પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે આવેલ સુભાષ ચંદ્ર બોજની પ્રતિમાને ૧૨૫ મી જન્મ જયંતિ નિમિત્તે તેમની પ્રતિમાની સફાઈ કરાવી. પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટરો ભાજપ કાર્યકરો આગેવાનો દ્વારા સુભાષચંદ્ર બોજની પ્રતિમાને પુષ્પોની માળા પહેરાવીને જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પરમાર, પૂર્વ પ્રમુખ ગીરીશભાઈ પટેલ, ભાજપ શહેર પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ, મંત્રી નિકુંજભાઈ રામી, નગરપાલિકાના બાંધકામ સમિતિના ચેરમેન રાજેશભાઈ ટેકવાણી, નગરપાલિકાના કોર્પોરેટર મહેબુબભાઈ બલોચ, ગોવિદસિંહ તથા ભાજપ યુવા મોરચાના પ્રમુખ કુશવભાઈ, મંત્રી વિપુલભાઈ સહિત યુવાનો હાજર રહ્યા હતા. પ્રાંતિજ નગરપાલિકાના કોર્પોરેટરો તથા ભાજપ કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લીમાં એલસીબીએ ટીંટોઈ નજીકથી ૧૫૬ બોટલ દારૂ ઝડપ્યો

## વેજપુરના બાઈક ચોરને અને પેરોલ ફર્લોએ ખેતરમાંથી નાસતા ફરતા આરોપીને દબોચ્યો

મોડાસા, તા. ૨૩

અરવલ્લી એસપી સંજય ખરાતના આગમન પછી જીલ્લામાં પ્રોહિબિશનની શખ્ત કાર્યવાહી, ચોરી લૂંટના વણઉકેલ્યા ગુન્હાનો ઝડપથી ભેદ ઉકેલાઈ રહ્યો છે. સ્થાનીક પોલીસતંત્ર અને વિવિધ એજન્સીઓ દોડાદોડ કરી રહી છે. જીલ્લા એસઓજી પોલીસે મોડાસા શહેરના કુખ્યાત મોબાઈલ બજાર નજીકથી બીલ વગરના એપલ આઈ ફોન-૧૨ પ્રો સાથે મોડાસાના રહેમતુલ્લા અમીભાઈ ભાયલાને ઝડપી પાડી ૯૦ હજારનો મોબાઈલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમારને ડોડીસરાથી પલ્સર બાઈક પર વિદેશી દારૂ ભરી બુટલેગર જીવણપુર નજીકથી પસાર થવાનો હોવાની બાતમી મળતા ટીંટોઈ નજીક વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરતા બાતમી આધારીત પલ્સર બાઈક આવતા અટકાવવાનો પ્રયત્ન કરતા બુટલેગરે બાઈકને દોડાવી મુકતા પોલીસે પીછો કરતા બુટલેગર ટીંટોઈ નજીક ફૂટા ગામના તળાવ નજીક દારૂનો જથ્થો નાખી હવામાં ઓગળી જતા એલસીબી પોલીસે વિદેશી દારૂની ૧૫૬ બોટલ કીં. રૂ. ૩૧૨૦૦નો દારૂ જપ્ત કરી ફરાર બુટલેગર વિરુદ્ધ પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. અન્ય એક કિસ્સામાં વર્ષ-૨૦૧૯માં ભિલોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી બાઈક ચોરીના ગુન્હામાં સંડોવાયેલ વેજપુર ગામનો નિમેશ ઉર્ફે નમો હરેશભાઈ ખરાડી નામનો આરોપી રીંટોડા ચોકડી નજીકથી પસાર થવાનો હોવાની બાતમી મળતા એલસીબી પોલીસે રીંટોડા ચોકડી પર વોચ ગોઠવી આરોપીને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો.

અરવલ્લી પેરોલફર્લો પીએસઆઈ કે.એસ. સીસોદીયા અને તેમની ટીમે હિંમતનગર સબ જેલનો પાકા કામનો કેદી જામીન પર છૂટ્યા બાદ ફરાર થઈ ગયેલ આરોપી કમલેશ બાબુભાઈ નીનામાને તેના ઘર નજીક ખેતરમાં ખાટલો નાખી ઉંઘી રહ્યો હોવાની બાતમી મળતા પેરોલફર્લો ટીમે સુરપર(દાંતીયા) ગામે ત્રાટકી ખેતરને કોર્ડન કરી કમલેશ નિનામાને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ બાયડ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ૫ વર્ષ અગાઉ ભેંશોની ચોરીમાં સંડોવાયેલ શાહરુખ ઈબ્રાહીમ ઉર્ફે અબ્દુલજાની મુલતાની (રહે, ચાંદટેકરી, મોડાસા) હિંમતનગર એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ગુન્હામાં ધરપકડ થઈ હોવાનું અને કસ્ટડીમાં હોવાનું જાણવા મળતા હિંમતનગર સબજેલ જેલરનું લેખીત લખાણ મેળવી બાયડ પોલીસને જાણ કરવામાં આવી હતી અને ૫ વર્ષ અગાઉ ભેંશ ચોરીના ગુન્હાનો આરોપીને શોધવામાં સફળતા મળી હતી.

# કોતરવાડા કેનાલમાંથી આધેડનો મૃતદેહ બીજા દિવસે મળ્યો

દિયોદર તાલુકાના કોતરવાડા પાસેની મુખ્ય નર્મદા કેનાલમાં તા. ૨૨-૧-૨૦૨૧ના રોજ સાંજના સમયે કેનાલ પરથી મોબાઈલ અને ચશ્માં મળતા કોઈ આધેડે ઝપલાવ્યું હોવાનું બહાર આવ્યું હતું. જેમાં મોબાઈલમાં તપાસ કરતા આ આધેડ થરાદના વખારવાસનો ઈશુબખાન તેજજીભાઈ પઠાણ હોવાનું ખુલ્યું હતું. જેમાં મોડી સાંજે તેમના પરિવારજનો કેનાલ પર દોડી આવ્યા હતા અને તરવૈયાની મદદ લઈ તપાસ હાથ ધરી હતી, પરંતુ અંધારું થઈ જતા મૃતદેહ મળી આવ્યો ન હતો. દરમ્યાન બીજા દિવસે ભારે શોધખોળ બાદ મૃતકના મૃતદેહને બહાર નીકાળવામાં આવી હતી. જો કે આ આધેડ ઈશુબખાને ક્યા કારણસર કેનાલમાં ઝપલાવ્યું ? તે હજુ જાણવા મળ્યું નથી પણ બીજા દિવસે ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો હતો. પોલીસે પીએમ બાદ મૃતદેહ વાલી વરસોને સુપ્રત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દિયોદર તાલુકામાંથી પસાર થતી નર્મદા કેનાલ ખેડૂતો માટે આશીર્વાદરૂપ નીવડી છે પરંતુ છેલ્લા ઘણા સમયથી આ કેનાલમાં જિંદગીથી નાશીપાસ થઈ ગયેલા લોકો મોતની છલાંગ લગાવી રહ્યા છે. જેથી કેનાલ સ્યુસાઈડ પોઈન્ટ સાબિત થતા પંથકમાં ગમગીની છવાઈ છે.

# પથ્થરમાંથી ઘંટનો રણકાર શ્રદ્ધાનું કેન્દ્ર

## મોડાસાના ડીપ વિસ્તારના રામાપીર મંદિરમાં આરતી સમયે પથ્થરનો રણકાર, બાળકો અભિભૂત

મોડાસા, તા. ૨૩

અરવલ્લીના મોડાસા શહેરમાં એક એવા પથ્થરની ચર્ચાએ જોર પકડ્યું છે કે જે મંદિરમાં અને પથ્થરને મંદિરમાં સ્થાન આપવામાં આવ્યું છે જેને વગાડવા માટે દર્શનાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળે છે.



### આ પથ્થર અહીં ક્યાંથી આવ્યો

તો આના પાછળનું પણ કારણ અદભૂત છે અરવલ્લી જિલ્લામાં દયા ફાઉન્ડેશન સાપ અને પક્ષિઓના રેસ્ક્યુ કરવાની કામગીરી કરે છે ત્યારે દસ દિવસ પહેલા રેસ્ક્યુ કરાયેલા સાપને જંગલમાં છોડવા જતાં, દયા ફાઉન્ડેશનના સભ્યોની પગમાં ઠોકર લાગતા, એક અવાજ આવ્યો નીચે જોતાં ત્રીસ કિલોનો એક પથ્થર હતો જેની રસ્તાની બાજુ પર મુકતા ફરી રણકરા થયો ત્યારે દયા ફાઉન્ડેશનની ટીમને અચરજ લાગ્યું કે આવું કેમ થાય છે ત્યારે તપાસ કરતા તેમાથી અવાજ આવવા લાગ્યો. બસ પથ્થર ચમત્કારીક અને રણકાર ઉદવભ કરતા પત્થરને ડીપ વિસ્તારના રામાપીર મંદિરમાં મુક્યો હોવાનું દયા ફાઉન્ડેશનના સદસ્ય જગદીશભાઈ ભીલે જણાવ્યું હતું. હાલ તો ચમત્કારીક પથ્થરનો રણકાર સાંભળવા અને જોવા માટે દર્શનાર્થીઓ પહોંચી રહ્યા છે.



મુકાયો છે, આરતી સમયે મંદિરમાં ઘંટ નહીં, પરંતુ પથ્થરનો રણકાર સંભળાય છે. મોડાસાના ડીપ વિસ્તારમાં સિદ્ધિવિનાયક મંદિર પાસેના રામદેવપીર ભગવાનના મંદિરમાં રાખવામાં આવ્યો છે. અહીં બંને ટાઈમ આરતીના સમયે આ પથ્થર વગાડીને આરતી કરાય છે.

મોડાસાના ડીપ વિસ્તારમાં આવેલા રામાપીરના મંદિરમાં આરતી સમયે ઘંટ નહીં, પણ પથ્થરનો રણકાર સંભળાય છે. વાત કદાચ આપના ગળે નહીં ઉતરે પણ વાત સાચી છે અને તમે દ્રશ્યોમાં જોઈ શકો છો. અહીં રણકાર ઘંટનો નહીં પણ પથ્થરમાંથી આવે છે. ડીપ વિસ્તારમાં આરતી કરવામાં આવે છે, જ્યાં રામાપીરના આરતીમાં બાળકો અને દર્શનાર્થીઓ પથ્થર વગાડવા માટે આતૂર બને છે કારણ કે અહીં એક એવો પત્થર મુકવામાં આવ્યો છે કે જેના સૂર મંદિરમાં લગાવાતા બેલ કરતાં પણ મીઠો છે. આ પથ્થર અરવલ્લીની ગિરીમાળાઓના જંગલમાંથી દયા ફાઉન્ડેશનની ટીમને મળી આવ્યો